**GJVD010005172022**

| | |
|---|---|
| મળ્યા તારીખ. | ૩૧/૦૧/૨૦૨૧ |
| રજીસ્ટરે નોંધ્યા તા. | ૩૧/૦૧/૨૦૨૨ |
| ફેંસલ કર્યા તા. | ૨૨/૦૫/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ |

# વડોદરાના ચોથા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા

**સેશન્સ કેસ નં. ૧૮/૨૦૨૨**
**આંક–**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**......ફરિયાદી**

**: : વિરૂધ્ધ : :**

(૧) **મહંમદજુબેન મહંમદ ઈલીયાસ દિવાન,**

(૨) **મહંમદઈલીયાસ ગુલામકાદર દિવાન,**

(૩) **ફુલસુમબાનુ મહંમદ ઈલીયાસ દિવાન.**
રહે. નં. ૧ થી ૩ નાઓ અજબડી મીલ, હજરત એપાર્ટમેન્ટ સામે,
સુએઝ પંપીંગની ગલીમાં, વડોદરા.

(૪) **રઝીયાબાનુ મહંમદ ખાલીદ ઉર્ફે ઈરફાન દિવાન,**

(૫) **મહંમદખાલીદ ઉર્ફે ઈરફાન ગુલામકાદર દિવાન,**
રહે. નં. ૪ અને ૫ નાઓ અજબડી મીલ, ત્રિકોણીયા સર્કલ પાસે,
સુલેમાની કાંટા, ચાકુતપુરા, વડોદરા.

**..... આરોપીઓ**

**બાબતઃ–** **ઈ.પી.કોડ કલમ– ૪૯૮(ક), ૩૦૬, ૩૨૩ તથા ૧૧૪ મુજબ.**

**(સીટી પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૧૯૬૦૦૬૨૧૦૭૧૨/ ૨૦૨૧)**

.......................................................................

**એડવોકેટસ :–**

**ફરિયાદપક્ષ તરફે :–** વિદ્ધાન એ.પી.પી.શ્રી એન.યુ.મકવાણા

**આરોપી નં. ૧ થી ૩ તરફે :–** વિદ્ધાન વકીલશ્રી એસ.એમ.ઈન્દોરી.

**આરોપી નં. ૪ થી ૫ તરફે :–** વિદ્ધાન વકીલશ્રી પી.એસ.વ્હોરા.

.......................................................................

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૦૨–૦૯–૨૦૨૧ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૨–૦૯–૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ | ૨૬–૧૧–૨૦૨૧ |
| કેસ સેશન્સ કમિટ થયાની તારીખ | ૦૭–૦૧–૨૦૨૨ |
| સેશન્સ કેસ નંબર પડ્યા તારીખ | ૩૧–૦૧–૨૦૨૨ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખ | ૧૯–૦૭–૨૦૨૩ |
| પુરાવો લીધાની તારીખ | ૧૬–૧૦–૨૦૨૩ |
| જજમેન્ટ માટે મુક્યાની તારીખ | ૨૨–૦૫–૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | ૨૨–૦૫–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | .... x ...... |

## :: જજમેન્ટ ::

(૧) ફરિયાદી પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી નં. ૧, ૨ અને ૩ અનુક્રમે મરણ જનારના પતિ, સસરા અને સાસુ થાય છે જયારે આરોપી નં.૪ અને ૫ અનુકમે મરણ જનારની કાકી સાસુ અને કાકા સસરા થાય છે.

આરોપી નં.૧, ૨ અને ૩ નાઓએ મરણ જનાર શનાફાતેમાનાં લગ્નના બે ત્રણ વર્ષ બાદ તેણીને નાની નાની વાતોમાં બોલાચાલી ઝઘડો કરી શારીરિક માનસિક ત્રાસ આપી તથા આરોપી નં.૧ નાએ મરણ જનાર પાસે અવારનવાર પૈસાની માંગણી કરી અને પૈસા નહીં લાવે તો ઘરમાંથી કાઢી મુકવાની ધમકી આપેલ તેમજ આરોપી નં.૧ ને

આરોપી નં.૪ રઝીયાબાનુ ઈરફાન દિવાન સાથે આડા સબંધ હોવાના કારણે આરોપી નં.૪–૫ પણ આરોપી નં.૧ ને ઉશ્કેરણી કરી મરણ જનાર શનાફાતેમાને માર મરાવતા હતાં અને બનાવના આશરે ત્રણેક માસ પહેલા પણ ફરીયાદીની મરણ જનાર પુત્રી શનાફાતેમાને ઘરમાંથી કાઢી મુકવા માટે આરોપી નં.૪,૫ નાઓએ માર મારેલ અને મરણ જનારને મરી જવા માટે મજબુર કરી એકબીજાની મદદગારીમાં મરણ જનારને મરણ જવા માટે દુષ્પ્રેરણ પુરૂ પાડતા ફરીયાદીની પુત્રી શનાફાતેમાએ તા.૦૨/૦૯/૨૦૨૧ ના કલાક ૧૧:૦૦ વાગ્યે પોતાના ઘરે બીજા માળે દુપટ્ટા વડે ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ. આમ, તમામ આરોપીઓએ એકબીજાની મદદગારીમાં મરણ જનારને શારીરિક માનસિક ત્રાસ આપી, માર મારી તથા મરણ જનાને મરણ જવા માટે દુષ્પ્રેરણ કરી **ભારતીય દંડ સંહીતાની કલમ ૪૯૮(ક), ૩૦૬, ૩૨૩ સાથે વાંચતા કલમ ૧૧૪** મુજબનો ગુનો નોંધાયેલ જે **સીટી પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૧૯૬૦૦૬૨૧૦૭૧૨/૨૦૨૧** થી રજીસ્ટર્ડ થયેલો છે.

(૨) ત્યારબાદ આગળની તપાસ તપાસ કરનાર અધિકારીશ્રી એ સંભાળી લીધેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલુ તેમજ આરોપીઓને અટક કર્યાનું પંચનામું કરવામાં આવેલુ તેમજ મરણજનારની લાશનું પી.એમ. કરાવડાવી તે અંગેની પી.એમ. નોટ મેળવવામાં આવેલા અને તપાસના કામે સામેલ રાખેલા અને અન્ય જરૂરી તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોઈ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરતા તેને ક્રિમીનલ કેસ નં. ૩૮૧૨૯/૨૦૨૧ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે. ત્યારબાદ મે. વડોદરાના ૧૩માં એડી. ચીફ જયુડી. મેજી.શ્રીની કોર્ટ સમક્ષ આરોપીઓ હાજર થતાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે પુરી પાડીને આ કેસની સુનાવણી કરવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને હોવાથી

ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૦૯ મુજબ તા. ૦૭–૦૧–૨૦૨૨ ના રોજ હુકમ કરીને સેશન્સ કોર્ટ, વડોદરા તરફ કેસ કમીટ કરી મોકલી આપેલ છે. સદર કેસ સેશન્સ જજશ્રી તરફથી અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે જે સેશન્સ કેસ નં. ૧૮/૨૦૨૨ થી રજીસ્ટર્ડ થયેલ છે.

(૩) ત્યારબાદ આ કામના આરોપીઓ હાજર થતાં, આરોપીઓ વિરુધ્ધ આ ગુન્હાનું તહોમતનામું ફરમાવી શકાય તેટલો પુરાવો રેકર્ડ પર જણાંય આવતાં આરોપીઓ વિરુધ્ધ **ભારતીય દંડ સંહીતાની કલમ ૪૯૮(ક), ૩૦૬, ૩૨૩ સાથે વાંચતા કલમ ૧૧૪** મુજબના ગુના સબબ અમારા પુરોગામી વિ. ન્યાયાધીશશ્રી દ્વારા આંક– ૬ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને તે લગત આરોપીઓના આંક– ૭ થી ૧૧ સુધીના જવાબો નોંધવામાં આવતા તેઓએ પોતાને ગુનો કબૂલ ન હોવાનું જણાવી કેસની કાર્યવાહી આગળ ચલાવવા અને પોતાનો બચાવ કરવાનું પસંદ કરેલ છે.

(૪) ફરિયાદપક્ષે પ્રસ્તુત કેસના સમર્થનમાં નિચે મુજબના મૌખીક પુરાવાઓ રજૂ કરેલા છે.

| અ.ન. | આંક | વિગત | પ્રકાર | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૧૨ | મહંમદ તોસીફ મહંમદયુસુફ શેખ | પંચ સાહેદ | વિમુખ |
| ૨ | ૧૫ | મહંમદ ઈકબાલ ગુલામરસુલ શેખ | પંચ સાહેદ | વિમુખ |
| ૩ | ૨૦ | ડો. દીક્ષીત શીરીષભાઈ પટેલ | તજજ્ઞ (મરણજનારની લાશનું પી.એમ. કરનાર ડોકટરશ્રી) | સમર્થન |
| ૪ | ૨૪ | ઈકબાલ ઈબ્રાહીમભાઈ દિવાન | પંચ સાહેદ | વિમુખ |
| ૫ | ૨૬ | અકીલા શરીફશા દિવાન | પંચ સાહેદ | વિમુખ |
| ૬ | ૩૦ | ઉસાનાબીબી મહંમદ આરીફ શા | સાહેદ | વિમુખ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | (મરણજનારના માતા) | |
| ૭ | ૩૧ | મહંમદ આરીફ અબ્દુલગની શા | ફરિયાદી | વિમુખ |
| ૮ | ૩૪ | નવનીતકુમાર દિનેશભાઈ પટેલ | પોલીસ સાહેદ (ત.ક.અ.) | સમર્થન |

**ફરિયાદપક્ષે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૨ | ૧૪ | મરણોત્તર/ઈન્કવેસ્ટ પંચનામું |
| ૩ | ૨૧ | મરણજનારની લાશનું પી.એમ. કરવાનીયાદી |
| ૪ | ૨૨ | પી.એમ. રીપોર્ટ |
| ૫ | ૨૫ | આરોપી નં. ૧ થી ૩ નાઓને અટક કર્યાનું પંચનામું |
| ૬ | ૩૨ | ફરિયાદીની ફરિયાદ |
| ૭ | ૩૫ | દવાખાના વર્ધી |
| ૮ | ૩૬ | તપાસ ડેપ્યુટ કર્યાનો હુકમ |
| ૯ | ૩૭ | ઈન્કવેસ્ટ પંચનામું કરવાની યાદી |
| ૧૦ | ૩૮ | લાશ સંભાળ્યાની પાવતી |
| ૧૧ | ૩૯ | લાશ અંતિમવિધી માટે સોંપ્યાની પાવતી |

(૫) આ કામે ફરિયાદપક્ષે વિશેષ કોઈ પુરાવો રજૂ કરવો નથી તે મતલબની આંક- ૪૦ થી પુરશીશ રજૂ કરતાં ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ ક્રિ.પ્રો.કોડની કલમ- ૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં આરોપીઓએ જણાવેલ છે કે, "અમો તદ્દન નિર્દોષ છીએ. ખોટી શંકાના આધારે ખોટી રીતે અમોને આરોપી તરીકે દર્શાવેલ હોય, અમોને નિર્દોષ ઠરાવવા મે. કરશો. "

(૬) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ. એપીપીશ્રીને સાંભળ્યા તેમજ બચાવ પક્ષે વિ. વકીલશ્રીને સાંભળ્યા.

(૬/૧) ફરિયાદપક્ષે વિ. એપીપીશ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદપક્ષે ફરિયાદી, ફરિયાદીના પત્ની અને અન્ય સાહેદોની જુબાનીથી આરોપીઓ સામે તહોમતનામામાં ફરમાવ્યા મુજબનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલો છે. ફરિયાદપક્ષે તરફે તપાસેલા સાહેદો પૈકી ફરિયાદી, ડોકટરશ્રી તેમજ તપાસ અધિકારીની જુબાની જોતાં તેમજ રજૂ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ જોતાં, આરોપી નં. ૧, ૨ અને ૩ અનુક્રમે મરણ જનારના પતિ, સસરા અને સાસુ થાય છે જયારે આરોપી નં.૪ અને ૫ અનુકમે મરણ જનારની કાકી સાસુ અને કાકા સસરા થાય છે. આરોપી નં.૧, ૨ અને ૩ નાઓએ મરણ જનાર શનાફાતેમાનાં લગ્નના બે ત્રણ વર્ષ બાદ તેણીને નાની નાની વાતોમાં બોલાચાલી ઝઘડો કરી શારીરિક માનસિક ત્રાસ આપી તથા આરોપી નં.૧ નાએ મરણ જનાર પાસે અવારનવાર પૈસાની માંગણી કરી અને પૈસા નહીં લાવે તો ઘરમાંથી કાઢી મુકવાની ધમકી આપેલ તેમજ આરોપી નં.૧ ને આરોપી નં.૪ રઝીયાબાનુ ઈરફાન દિવાન સાથે આડા સબંધ હોવાના કારણે આરોપી નં.૪-૫ પણ આરોપી નં.૧ ને ઉશ્કેરણી કરી મરણ જનાર શનાફાતેમાને માર મરાવતા હતાં અને બનાવના આશરે ત્રણેક માસ પહેલા પણ ફરીયાદીની મરણ જનાર પુત્રી શનાફાતેમાને ઘરમાંથી કાઢી મુકવા માટે આરોપી નં.૪,૫ નાઓએ માર મારેલ અને મરણ જનારને મરી જવા માટે મજબુર કરી એકબીજાની મદદગારીમાં મરણ જનારને મરણ જવા માટે દુષ્પ્રેરણ પુરૂ પાડતા ફરીયાદીની પુત્રી શનાફાતેમાએ તા.૦૨/૦૯/૨૦૨૧ ના કલાક ૧૧:૦૦ વાગ્યે પોતાના ઘરે બીજા માળે દુપટ્ટા વડે ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ. આમ, તમામ આરોપીઓએ એકબીજાની મદદગારીમાં મરણ જનારને શારીરિક માનસિક ત્રાસ આપી, માર મારી તથા મરણ જનાને મરણ જવા માટે દુષ્પ્રેરણ કરી આક્ષેપીત ગુનો કરેલ હોવાનું ફરિયાદપક્ષે પુરવાર કરેલ છે.

વધુમાં ફરિયાદપક્ષે રજૂ કરવામાં આવેલા સમગ્ર મૌખીક તથા દસ્તાવેજી પુરાવાના આધારે આરોપી વિરુધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલો હોય આરોપીઓને તકસીરવાન ઠરાવી કાયદા મુજબની સજા કરવા માટેની ભારપૂર્વક રજુઆત કરેલી છે.

(૬/૨) આરોપી તરફે વિ. વકીલશ્રીએ તેમની મૌખીક દલીલમાં રજૂઆત કરેલ છે આ કામે ફરિયાદપક્ષે જે મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે તે પુરાવાઓથી આરોપીઓ સામે તહોમતનામામાં જે ગુનાનો આક્ષેપ થયેલો છે તે તહોમતનામાં મુજબનો કેસ શંકાથી પર ફરિયાદપક્ષે સાબીત કરવામાં આવેલો નથી. તેમજ ફરિયાદપક્ષે રજૂ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આરોપી નં. ૧, ૨ અને ૩ અનુક્રમે મરણ જનારના પતિ, સસરા અને સાસુ થાય છે જયારે આરોપી નં.૪ અને ૫ અનુકમે મરણ જનારની કાકી સાસુ અને કાકા સસરા થાય છે. આરોપી નં.૧, ૨ અને ૩ નાઓએ મરણ જનાર શનાફાતેમાનાં લગ્નના બે ત્રણ વર્ષ બાદ તેણીને નાની નાની વાતોમાં બોલાચાલી ઝઘડો કરી શારીરિક માનસિક ત્રાસ આપી તથા આરોપી નં.૧ નાએ મરણ જનાર પાસે અવારનવાર પૈસાની માંગણી કરી અને પૈસા નહીં લાવે તો ઘરમાંથી કાઢી મુકવાની ધમકી આપેલ તેમજ આરોપી નં.૧ ને આરોપી નં.૪ રઝીયાબાનુ ઈરફાન દિવાન સાથે આડા સબંધ હોવાના કારણે આરોપી નં.૪-૫ પણ આરોપી નં.૧ ને ઉશ્કેરણી કરી મરણ જનાર શનાફાતેમાને માર મરાવતા હતાં અને બનાવના આશરે ત્રણેક માસ પહેલા પણ ફરીયાદીની મરણ જનાર પુત્રી શનાફાતેમાને ઘરમાંથી કાઢી મુકવા માટે આરોપી નં.૪,૫ નાઓએ માર મારેલ અને મરણ જનારને મરી જવા માટે મજબુર કરી એકબીજાની મદદગારીમાં મરણ જનારને મરણ જવા માટે દુષ્પ્રેરણ પુરૂ પાડતા ફરીયાદીની પુત્રી શનાફાતેમાએ તા.૦૨/૦૯/૨૦૨૧ ના કલાક ૧૧:૦૦ વાગ્યે પોતાના ઘરે બીજા માળે દુપટ્ટા વડે ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ. આમ, તમામ આરોપીઓએ એકબીજાની મદદગારીમાં

મરણ જનારને શારીરિક માનસિક ત્રાસ આપી, માર મારી તથા મરણ જનાને મરણ જવા માટે દુષ્પ્રેરણ કરી ફરિયાદમાં આક્ષેપીત ગુનો આરોપીએ કરેલ હોય તેવો કોઈ નિઃશંક પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલો નથી. આમ, ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાથી આરોપીઓ સામે ફરિયાદમાં આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વો ફરિયાદપક્ષે પુરવાર કરેલા નથી જેથી ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધ નિઃશંક અને કડીબધ્ધ પુરાવાથી ફરિયાદમાં જણાવેલ હકીકતો પુરવાર કરી શકેલા ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટેની ભારપૂર્વક રજુઆત કરેલી છે.

(૭) ઉપરોકત વિગતે ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષોની દલીલો ધ્યાને લેતાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–ઃ મુદ્દાઓ ઃ–**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, મરણજનાર શનાફાતેમા એ ગળે ફાંસો ખાતા તેણી મરણ ગયેલ?

(૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આરોપી નં. ૧, ૨ અને ૩ અનુક્રમે મરણ જનારના પતિ, સસરા અને સાસુ થાય છે જયારે આરોપી નં.૪ અને ૫ અનુકમે મરણ જનારની કાકી સાસુ અને કાકા સસરા થાય છે. આરોપી નં.૧, ૨ અને ૩ નાઓએ મરણ જનાર શનાફાતેમાનાં લગ્નના બે ત્રણ વર્ષ બાદ તેણીને નાની નાની વાતોમાં બોલાચાલી ઝઘડો કરી શારીરિક માનસિક ત્રાસ આપી તથા આરોપી નં.૧ નાએ મરણ જનાર પાસે અવારનવાર પૈસાની માંગણી કરી અને પૈસા નહીં લાવે તો ઘરમાંથી કાઢી મુકવાની ધમકી આપેલ તેમજ આરોપી નં.૧ ને

આરોપી નં.૪ રઝીયાબાનુ ઈરફાન દિવાન સાથે આડા સબંધ હોવાના કારણે આરોપી નં.૪-૫ પણ આરોપી નં.૧ ને ઉશ્કેરણી કરી મરણ જનાર શનાફાતેમાને માર મરાવતા હતાં અને બનાવના આશરે ત્રણેક માસ પહેલા પણ ફરીયાદીની મરણ જનાર પુત્રી શનાફાતેમાને ઘરમાંથી કાઢી મુકવા માટે આરોપી નં.૪,૫ નાઓએ માર મારેલ અને મરણ જનારને મરી જવા માટે મજબુર કરી એકબીજાની મદદગારીમાં મરણ જનારને મરણ જવા માટે દુષ્પ્રેરણ પુરૂ પાડતા ફરીયાદીની પુત્રી શનાફાતેમાએ તા.૦૨/૦૯/૨૦૨૧ ના કલાક ૧૧:૦૦ વાગ્યે પોતાના ઘરે બીજા માળે દુપટ્ટા વડે ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ. આમ, તમામ આરોપીઓએ એકબીજાની મદદગારીમાં મરણ જનારને શારીરિક માનસિક ત્રાસ આપી, માર મારી તથા મરણ જનાને મરણ જવા માટે દુષ્પ્રેરણ કરી **ઈ.પી.કોડ કલમ- ૪૯૮(ક), ૩૦૬, ૩૨૩ તથા ૧૧૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

( ૩ ) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

**-ઃ નિ ર્ણ યો ઃ-**

**મુદ્દા નંબરઃ-૧ઃ- હકારમાં**

**મુદ્દા નંબરઃ-૨- નકારમાં**

**મુદ્દા નંબરઃ-૨ઃ- આખરી હુકમ મુજબ.**

**-ઃ <u>કા ર ણો</u> ઃ-**

(૯) આ કેસમાં આરોપી સામે ઘડાયેલ તહોમતનામાં અન્વયે પ્રોસીકયુશન દ્વારા રજૂ કરેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતાં પહેલા એ હકીકત નોંધવી મહત્વની છે કે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે આરોપી સામેનો કેસ શંકારહીત રીતે પુરવાર કરવાની જવાબદારી પ્રોસીકયુશન પર રહેલ છે અને જો પ્રોસીકયુશન તેમ કરવામાં નિષ્ફળ જાય તો આરોપી શંકાનો લાભ મેળવવા માટે હક્કદાર બને છે. સદર સિધ્ધાંતોને ધ્યાને લઈ ઉપરોકત મુદ્દાઓ અન્વયે પ્રોસીકયુશન દ્વારા રજુ કરાયેલ પુરાવાઓનું મૂલ્યાકન નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>મુદ્દા નંબરઃ-૧ અંગે</u> :-**

**(૧૦) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, મરણજનાર શનાફાતેમા એ ગળે ફાંસો ખાતા તેણી મરણ ગયેલ**?

(૧૦.૧) ઉપરોકત મુદ્દાની હકીકત સાબીત કરવા માટે ફરિયાદપક્ષે જે પુરાવો રજૂ થયેલો છે તે ધ્યાને લેવામાં આવે તો, આ કામે પ્રોસીકયુશન દ્વારા સાહેદ ડો. દીક્ષીત શીરીષભાઈ પટેલને પ્રોસી. સાહેદ નં. ૩ તરીકે આંક- ૨૦ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૧૬ થી એસએસજી હોસ્પીટલમા મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. તા.૨/૯/૨૧ ના રોજ તેઓ તેમની ફરજ પર હાજર હતા તે દરમ્યાન સીટી પો.સ્ટે.ના એએસઆઈ રમણભાઈ બ.નં.૨૨૨૯ નાઓ દ્વારા મરણજનાર શનાફાતેમા ની લાશ તેમને પીએમ માટે યાદી સાથે મોકલવામા આવેલ જેમા લાશનુ પીએમ કરી મોતનુ ચોકકસ કારણ જણાવતા યાદી મોકલેલ હોય જે યાદી તેમણે રીસીવ્ડ કરેલી. સદર લાશ તેમને ૩-૪૫

વાગે બપોરના સોપવામા આવેલ તેનુ પીએમ ૩–૫૦ વાગે શરુ કરેલુ અને કલાક ૪–૫૦ વાગે પુરુ કરેલુ આ લાશનુ બાહય પરીક્ષણ કરતા ૨૪ વર્ષની ઓળખાણ થયેલી સ્ત્રી ની હતી તેના ઉપર ભુરા રંગની ટીશર્ટ ગુલાબી રંગની બ્રા અને જાંબલી રંગનો પાયજામો પહેરલે હાલતમા હતી. શરીરનો બાંધો સામાન્ય હતો અને લાશ ઠંડી પડેલ હાલતમા હતી. લાશ ઉપર શરીર જકડાઈ જવાની ક્રીયા શરુ થઈ ગયેલી હતી. શરીરના પાછળના ભાગે પીએમ લીવીડીટી જોવા મળેલ જે સ્થીર ન હતી, ચહેરો ઓળખી શકાય તેવો હતો. બંને આંખની કન્જેકટ આઇવા લાાલશ પડતી હતી. બધા નખ ભુરા પડી ગયેલા હતા. બાહય જનાંનગો પર કોઈ ઈજા મળેલ ન હતી. ગળાના ભાગે આગળથી પાછળ અને ઉપરની તરફ ગળે ફાસો ખાવાના લીધે જોવા મળતો કથ્થઇ લાલાશ રંગનો ઉજરડો જોવા મળેલો જેની લંબાઈ ૨૭ સેમી હતી. ગળાનુ માપ ૩૨ સેમી હતુ. આ ઉજરડુ દોઠથી બે સેમી પહોળુ હતુ. દાઢીથી ૮ સેમી નીચે હતુ. જડબાના જમણા ખુણાથી ૫ સેમી અને ડાબા ખુણાથી ૭ સેમી નીચે હતુ. ગળાના ભાગને ખોલીને જોતા આ ઉજરડાની નીચેની ચામડી ફીકી પડી ગયેલ હતી. ગળાના થાઈરોઈડ અને હાયોડ હાડકામાં કોઈ ફ્રેકચર જોવા મળેલ ન હતુ. ગળાના સ્નાયુમા કોઈ રકત સ્ત્રાવ જોવા મળેલ ન હતો. શરીર ઉપર કોઈ અસ્થી ભંગ જોવા મળેલ ન હતુ. ઉપર જણાવેલ ઈજા મૃત્યુ પહેલાની હતી. આંતરીકે પરીક્ષણમા માથાની ચામડીના અંદરના ભાગે કોઈ ઈજા જોવા મળેલ ન હતી. મગજમા સોજો આવી ગયેલ હતો અને તેમા છુટાછવાયા રકત સ્ત્રાવના ચિન્હો જોવા મળેલો છાતીના પોલાણમા કોઈ ઈજા જોવા મળેલ ન હતી બંને ફેફસા કુલી ગયેલા હતા, અને તે તેઓએ કાપતા લાલાશ પડતુ ફીણ વાળુ પ્રવાહી મળી આવેલ. પેટના ભાગે કોઈ ઈજા જોવા મળેલ ન હતી. છાતી અને પેટના બધા આંતરીક અવયવો લાલાશ પડતા હતા. તેમના દ્વારા મરણ જનારના મૃત્યુનુ કારણ"ગળે ફાંસો ખાવાના કારણે શ્વાસ રુંધાઈ જવાથી મૃત્યુ નીપજેલ છે તેમ

જણાવવામા આવેલ હતુ. જે અંગેની પીએમ નોટ તેઓએ તૈયાર કરેલ જે પી.એમ. નોટ આ કામે આંક–૨૨ થી રજૂ છે.

( ૧૦.૨ ) સદર સાહેદની બચાવપક્ષે વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મરણ જનારની લાશ સાથે કે આંક ૨૧ વાળી યાદીમા મરણ જનારનુ અકસ્માત મોત થયાની વિગત દર્શાવેલ હતી.મરણ જનારના ગળા ઉપર ફાસો ખાવાને લીધે લીગલેશરની ઈજા સિવાય બીજી કોઈ ઈજા જોવા મળેલ ન હતી. મરણ જનારના મૃત્યુ અગાઉ મારજુડ કરેલાની કોઈ જુની ઈજા જોવા મળેલ નહી.

(૧૦.૩) આમ, ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા ઉપરોકત સાહેદ **<u>ડો. પટેલ</u>**ના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, તેમના સમગ્ર પુરાવા મુજબ મરણજનારની લાશનું તેઓએ પી.એમ. કરેલ હોવાનું અને પી.એમ. નોટના રીપોર્ટ મુજબ ગળા ઉપર ફાંસો ખાવાને લીધે મરણજનારનું મૃત્યુ થયેલ હોવાનું જણાય આવે છે તે જોતાં મરણજનાર શનાફાતેમા એ ગળે ફાંસો ખાવાના લીધે તેણી મરણ ગયેલાની હકીકત સાબીત થાય છે તેથી મુદ્દા નંબરઃ–૧ નો જવાબ " **<u>હકારમાં</u>** " આપવામાં આવે છે.

## (૧૧) <u>મુદ્દા નંબરઃ–૨ઃ</u>–

### <u>ફરિયાદીના પુરાવાના મૂલ્યાંકન અંગેઃ–</u>

(૧૧.૧) આ કામમાં પ્રોસીકયુશન દ્વારા **<u>ફરિયાદી</u> મહંમદ આરીફ અબ્દુલગની શાહ**ને પ્રોસી. સાહેદ નં. ૭ તરીકે આંક– ૩૧ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, **<u>તેઓ ઉપરોકત બતાવેલ સરનામે રહે છે અને તેમને સંતાનમા ૩ દિકરીઓ</u>**

**અને ૩ દિકરા છે. જેમા સૌથી મોટી દિકરી શનાફાતેમાં કે જે મરણ ગયેલ છે તે હતી. તેના લગ્ન ૨૦૧૩મા મહંમદ જુબેર દિવાન સાથે યાકુતપુરા વડોદરા ખાતે તેમના સમાજના રીત રીવાજ મુજબ થયેલા અને તેને લગ્ન જીવનથી બે દિકરા હતા. જેમા મહંમદ ઉજેર અને તેનાથી નાનો અદનાન છે. ત્યારબાદ તેમની દિકરી તેની સાસરીમા રહેતી હોય સને ૨૦૨૧ મા તેમના ઉપર ફોન આવેલો અને જણાવેલ કે તેમની દિકરી શનાફાતેમા મરણ પામેલ છે ત્યારબાદ તેઓ વડોદરા આવેલા અને તેમની દિકરીએ ગળે ફાંસો ખાધેલો તેવુ જાણેલુ. તે બાબતે તેઓએ સીટી પો.સ્ટે. માં ફરીયાદ આપેલી. જે ફરિયાદ આ કામે આંક–૩૨ થી રજૂ છે તે સિવાય બીજી કોઈ હકિકત તેમને જાણવા મળેલ નહી**. ***તેવુ બનેલ નહી કે તેમની મરણ જનાર દિકરીને તેના પતિને બીજી સ્ત્રી સાથે આડા સંબંધ હોવાથી તેને મારજુડ કરતો હતો અને તેની સાથે મારજુડ કરતો હતો અને આ વાત તેમને તેમની દિકરીએ ફોન દ્વારા જણાવેલી. તેવુ પણ બનેલ નહી કે લગ્નના ૩ વર્ષ પછી તેમના જમાઈ જુબેર તેના પિતા મહંમદ ઈલ્યાસ અને સાસુ કુલસુમબીબી તેમની દિકરીને નાની નાની વાતોમા બોલાચાલી કરી ઝઘડો કરતા અને તેને ત્રાસ આપતા હતા અને તેમનો જમાઈ તેની પાસે પૈસાની માંગણી કરતો હતો જે સહન ન થતા તેણે આપઘાત કરી લીધેલો***. આજરોજ કોર્ટમા હાજર આરોપીઓ તેમની દિકરીના સાસરીવાળા થતા હોય તેઓને ઓળખે છે. ફરિયાદીએ તેમના પુરાવામાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલુ નહિં હોવાથી વિ. એપીપીશ્રી દ્વારા તેમને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરેલા છે અને ત્યારબાદ તેઓનું ધ્યાન વિ. એપીપીશ્રી દ્વારા ફરીયાદ હકીકતો તરફ દોરી સુચક પ્રશ્નો પૂછી વિગતવારની ઉલટતપાસ હાથ ધરવા છતાં ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન મળી શકેલ નથી.

(૧૧.૨) સદર સાહેદ ફરિયાદીની બચાવપક્ષે વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ***તેમની દિકરીના લગ્ન આરોપી સાથે સમાજના રીતી રીવાજ મુજ થયેલા***

*__અને ૮ વર્ષથી વધુ સમય સુધી તેમની દિકરી રાજીખુશીથી રહેતી હતી અને આ લગ્ન જીવનથી તેને બે બાળકો હતા. આ લગ્ન જીવન દરમ્યાન આરોપીઓએ તેમની દિકરીને માનસિક કે શારીરિક ત્રાસ આપેલ હોય કે તેમની દિકરીના પતિને કોઈ સાથે આડા સંબંધ હોવાની હકિકતની તેમની દિકરીએ તેમને જાણ કરેલી કે તેની તેઓએ કોઈ ફરીયાદ કરેલ નથી. તેમની દિકરીને તેના પતિ અને સાસુ સસરા સારી રીતે રાખતા હતા અને કોઈ દુખ ત્રાસ આપતા ન હતા. તેમની દિકરી રોજ તેમને ફોન કરતી હતી. તેમની દિકરીએ આત્મહત્યા કરી તે પહેલા પણ ફોન કરી તેવી ફરીયાદ કરેલ ન હતી કે આરોપીઓ તેને દુખ ત્રાસ આપતા હતા. તેમની મરણ જનાર દિકરીના પતિને તેની ચાચી સાથે કોઈ આડા સંબંધ ન હતા અને તેમની દિકરીને કોઈ મનદુખ ન હતુ. તેમની દિકરીએ કયા કારણે ગળે ફાંસો ખાઈ આત્મ હત્યા કરેલ તેની તેમને ખબર નથી. તેમની દિકરી ગુજરી ગયેલ હોવાથી તેમણે આવેશમા આવીને ફરીયાદ આપેલી__*.

(૧૧.૩) આ કામે ફરિયાદીના ઉપરોકત પુરાવાનું મૂલ્યાંકન કરતા પહેલા સૌપ્રથમ આ કામે ઈ.પી.કોડ કલમ– ૩૦૬ ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે અને જે નીચે મુજબ રીપ્રોડયુસ કરી નીચે મુજબ જણાવવામાં આવેલ છે.

***306. Abetment of suicide.—***

***If any person commits suicide, whoever abets the commission of such suicide, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine.***

હવે, ઈ.પી.કોડ કલમ– ૩૦૬ ની જોગવાઈની સાથે સાથે આ કામે **__ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૧૧૩(એ)__** ની જોગવાઈ

ધ્યાને લેવી જરૂરી છે અને જે નીચે મુજબ રીપ્રોડયુસ કરી નીચે મુજબ જણાવવામાં આવેલ છે.

***113A. Presumption as to abetment of suicide by a married woman. –***

***When the question is whether the commission of suicide by a woman had been abetted by her husband or any relative of her husband and it is shown that she had committed suicide within a period of seven years from the date of her marriage and that her husband or such relative of her husband had subjected her to cruelty, the court may presume, having regard to all the other circumstances of the case, that such suicide had been abetted by her husband or by such relative of her husband.***
***Explanation. — For the purposes of this section, "cruelty" shall have the same meaning as in section 498A of the Indian Penal Code (45 of 1860).]***

આમ, ઉપરોકત ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૩(એ) ની જોગવાઈ મુજબ જો કોઈ સ્ત્રી પોતાના લગ્નજીવનના સાત વર્ષના સમયગાળા દરમ્યાન આત્મહત્યા કરે અને તેના કારણે તેનું મૃત્યુ નિપજે તો તેના પતિ તથા પતિના સગા વ્હાલાઓએ તેવી સ્ત્રીને આત્મહત્યા કરવા માટેનું દુષ્પ્રેરણ કરેલ છે અને ઈ.પી.કોડ કલમ–૩૦૬ મુજબનો ગુનો તેવી સ્ત્રીના પતિ તથા પતિના સગા વ્હાલાઓએ આચરેલ હોવાનું અનુમાન કોર્ટે કરવાનું રહે છે.

ઉપરોકત જોગવાઈને ધ્યાને રાખી પ્રસ્તુત કેસમાં **ફરિયાદી** મહંમદ આરીફ અબ્દુલગની શાહ એટલે કે (મરણજનારના પિતા)ના ઉપરોકત પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓએ તેમની સરતપાસમાં એવી હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે કે, ***તેમની મરણ જનાર દિકરીને તેના પતિને બીજી સ્ત્રી સાથે આડા સંબંધ હોવાથી તેને***

***મારજુડ કરતો હતો અને તેની સાથે મારજુડ કરતો હતો અને આ વાત તેમને તેમની દિકરીએ ફોન દ્વારા જણાવેલી તેવું બનેલ નથી. તેમજ લગ્નના ૩ વર્ષ પછી તેમના જમાઈ જુબેર તેના પિતા મહંમદ ઈલ્યાસ અને સાસુ કુલસુમબીબી તેમની દિકરીને નાની નાની વાતોમા બોલાચાલી કરી ઝઘડો કરતા અને તેને ત્રાસ આપતા હતા અને તેમનો જમાઈ તેની પાસે પૈસાની માંગણી કરતો હતો જે સહન ન થતા તેણે આપઘાત કરી લીધેલો*** **હોય તેવું બનેલ ન હોવાનું પણ સ્પષ્ટપણે જણાવેલ છે.**

(૧૧.૪) વધુમાં ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે, ***તેમની દિકરીના લગ્ન આરોપી સાથે સમાજના રીતી રીવાજ મુજબ થયેલા અને ૮ વર્ષથી વધુ સમય સુધી તેમની દિકરી રાજીખુશીથી રહેતી હતી અને આ લગ્ન જીવનથી તેને બે બાળકો હતા.*** આમ, ફરિયાદીની ઉપરોકત ઉલટતપાસ પરથી તેમની મરણજનાર દીકરી આરોપી નં. ૧ સાથે તેણીના લગ્ન થયા બાદ ૮ વર્ષથી વધુ સમય સુધી આરોપી નં. ૧ સાથે સારી રીતે રહેતી હોવાનું અને આ લગ્નજીવન થી તેણીને બાળકો પણ થયેલ હોવાનું સ્પષ્ટપણે સ્વીકારેલ છે તે જોતાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૧૧૩(એ) માં જણાવેલ ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતાં આ કામના આરોપી નં. ૧ કે તેમના સગા વ્હાલાઓ એટલે કે આરોપી નં. ૨ થી ૫ નાઓએ ભેગા મળી મરણ જનારને શારીરિક અને માનસિક ત્રાસ આપી મરણજનારને મરણ જવા માટેનું દુષ્પ્રેરણ કરેલ હોય તેવું અનુમાન આરોપીઓની વિરુધ્ધમાં કરી શકાય તેમ નથી.

વધુમાં ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં એવી હકીકત પણ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, *આ લગ્ન જીવન દરમ્યાન આરોપીઓએ તેમની દિકરીને માનસિક કે શારીરિક ત્રાસ આપેલ હોય કે તેમની દિકરીના પતિને કોઈ સાથે આડા સંબંધ હોવાની હકિકતની તેમની દિકરીએ તેમને જાણ કરેલી કે તેની તેઓએ કોઈ ફરીયાદ કરેલ નથી.*

*તેમની દિકરીને તેના પતિ અને સાસુ સસરા સારી રીતે રાખતા હતા અને કોઈ દુખ ત્રાસ આપતા ન હતા. તેમની દિકરી રોજ તેમને ફોન કરતી હતી. તેમની દિકરીએ આત્મહત્યા કરી તે પહેલા પણ ફોન કરી તેવી ફરીયાદ કરેલ ન હતી કે આરોપીઓ તેને દુખ ત્રાસ આપતા હતા. તેમની મરણ જનાર દિકરીના પતિને તેની ચાચી સાથે કોઈ આડા સંબંધ ન હતા અને તેમની દિકરીને કોઈ મનદુખ ન હતુ. તેમની દિકરીએ કયા કારણે ગળે ફાંસો ખાઈ આત્મ હત્યા કરેલ તેની તેમને ખબર નથી. તેમની દિકરી ગુજરી ગયેલ હોવાથી તેમણે આવેશમા આવીને ફરીયાદ આપેલી.*

આમ, ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં તેમજ ફરિયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં પણ આ કામના આરોપી નં. ૧ કે તેમના સગા વ્હાલાઓ એટલે કે આરોપી નં. ૨ થી ૫ નાઓએ ભેગા મળી મરણ જનારને શારીરિક અને માનસિક ત્રાસ આપી મરણજનારને મરણ જવા માટેનું દુષ્પ્રેરણ કરેલ હોય તેવું નીકળી આવતું નથી તે જોતાં ફરિયાદીના સોગંદ પરના પુરાવાથી આંક–૩૨ થી રજૂ થયેલ ફરિયાદમાં ફરિયાદીએ બનાવ સંદર્ભેની જે હકીકત જણાવેલ છે તેને લેશમાત્ર સમર્થન મળતુ ન હોય અને બનાવ બાબતે શંકા ઉપસ્થિત થયેલ હોય જેથી ફરિયાદીના આવા શંકાસ્પદ પુરાવા ઉપર આધાર રાખી શકાય નહિ જેથી ફરિયાદીનો પુરાવો ફરિયાદપક્ષના કેસની હકીકતોને મદદરૂપ બનતો નથી.

## (૧૨) <u>સાહેદ એટલે કે મરણજનારના માતાના પુરાવાના મૂલ્યાંકન અંગેઃ–</u>

(૧૨.૧) આ કામમાં પ્રોસીકયુશન દ્વારા **<u>સાહેદ એટલે કે મરણજનારના માતા ઉસાનાબીબી</u> મહંમદ આરીફ અબ્દુલગની શાહ**ને પ્રોસી. સાહેદ નં. ૬ તરીકે આંક– ૦૬ થી સોગંદ ઉપર તપાસેલ છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, **<u>તેઓ ઉપરોકત બતાવેલ</u>**

<u>**સરનામે રહે છે અને તેમને સંતાનમા ૩ દિકરીઓ અને ૩ દિકરા છે. જેમા સૌથી મોટી દિકરી શનાફાતેમાં કે જે મરણ ગયેલ છે તે હતી. તેના લગ્ન ૨૦૧૩મા મહંમદ જુબેર દિવાન સાથે યાકુતપુરા વડોદરા ખાતે તેમના સમાજના રીત રીવાજ મુજબ થયેલા અને તેને લગ્ન જીવનથી બે દિકરા હતા. જેમા મહંમદ ઉજેર અને તેનાથી નાનો અદનાન છે. ત્યારબાદ તેમની દિકરી તેની સાસરીમા રહેતી હોય સને ૨૦૨૧ મા તેમના ઉપર ફોન આવેલો અને જણાવેલ કે તેમની દિકરી શનાફાતેમા મરણ પામેલ છે ત્યારબાદ તેઓ વડોદરા આવેલા અને તેમની દિકરીએ ગળે ફાંસો ખાધેલો તેવુ જાણેલુ તે સિવાય બીજી કોઈ હકિકત તેમને જાણવા મળેલ નહી**</u>. <u>***તેવુ બનેલ નહી કે તેમની મરણ જનાર દિકરીને તેના પતિને બીજી સ્ત્રી સાથે આડા સંબંધ હોવાથી તેને મારજુડ કરતો હતો અને તેની સાથે મારજુડ કરતો હતો અને આ વાત તેમને તેમની દિકરીએ ફોન દ્વારા જણાવેલી. તેવુ પણ બનેલ નહી કે લગ્નના ૩ વર્ષ પછી તેમના જમાઈ જુબેર તેના પિતા મહંમદ ઈલ્યાસ અને સાસુ કુલસુમબીબી તેમની દિકરીને નાની નાની વાતોમા બોલાચાલી કરી ઝઘડો કરતા અને તેને ત્રાસ આપતા હતા અને તેમનો જમાઈ તેની પાસે પૈસાની માંગણી કરતો હતો જે સહન ન થતા તેણે આપધાત કરી લીધેલો***</u>. આજરોજ કોર્ટમા હાજર આરોપીઓ તેમની દિકરીના સાસરીવાળા થતા હોય તેઓને ઓળખે છે. સદર સાહેદે તેમના પુરાવામાં ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલુ નહિં હોવાથી વિ. એપીપીશ્રી દ્વારા તેમને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરેલા છે અને ત્યારબાદ તેઓનું ધ્યાન વિ. એપીપીશ્રી દ્વારા તેમના અગાઉના નિવેદનની હકીકતો તરફ દોરી સુચક પ્રશ્નો પૂછી વિગતવારની ઉલટતપાસ હાથ ધરવા છતાં ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન મળી શકેલ નથી.

(૧૨.૨) સદર સાહેદની બચાવપક્ષે વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, <u>***તેમની દિકરીના લગ્ન આરોપી સાથે સમાજના રીતી રીવાજ મુજ થયેલા અને ૮***</u>

*વર્ષથી વધુ સમય સુધી તેમની દિકરી રાજીખુશીથી રહેતી હતી અને આ લગ્ન જીવનથી તેને બે બાળકો હતા. આ લગ્ન જીવન દરમ્યાન આરોપીઓએ તેમની દિકરીને માનસિક કે શારીરિક ત્રાસ આપેલ હોય કે તેમની દિકરીના પતિને કોઈ સાથે આડા સંબંધ હોવાની હકિકતની તેમની દિકરીએ તેમને જાણ કરેલી કે તેની તેઓએ કોઈ ફરીયાદ કરેલ નથી. તેમની દિકરીને તેના પતિ અને સાસુ સસરા સારી રીતે રાખતા હતા અને કોઈ દુખ ત્રાસ આપતા ન હતા. તેમની દિકરી રોજ તેમને ફોન કરતી હતી. તેમની દિકરીએ આત્મહત્યા કરી તે પહેલા પણ ફોન કરી તેવી ફરીયાદ કરેલ ન હતી કે આરોપીઓ તેને દુખ ત્રાસ આપતા હતા. તેમની મરણ જનાર દિકરીના પતિને તેની ચાચી સાથે કોઈ આડા સંબંધ ન હતા અને તેમની દિકરીને કોઈ મનદુખ ન હતુ. તેમની દિકરીએ કયા કારણે ગળે ફાંસો ખાઈ આત્મ હત્યા કરેલ તેની તેમને ખબર નથી. તેમની દિકરી ગુજરી ગયેલ હોવાથી તેમણે આવેશમા આવીને ફરીયાદ આપેલી.*

(૧૨.૩) આમ, **સાહેદ એટલે કે મરણજનારના માતા ઉસાનાબીબી મહંમદ આરીફ અબ્દુલગની શાહ** એટલે કે (મરણજનારના માતા)ના ઉપરોકત પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓએ તેમની સરતપાસમાં એવી હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે કે, *તેમની મરણ જનાર દિકરીને તેના પતિને બીજી સ્ત્રી સાથે આડા સંબંધ હોવાથી તેને મારજુડ કરતો હતો અને તેની સાથે મારજુડ કરતો હતો અને આ વાત તેમને તેમની દિકરીએ ફોન દ્વારા જણાવેલી તેવું બનેલ નથી. તેમજ લગ્નના ૩ વર્ષ પછી તેમના જમાઈ જુબેર તેના પિતા મહંમદ ઈલ્યાસ અને સાસુ કુલસુમબીબી તેમની દિકરીને નાની નાની વાતોમા બોલાચાલી કરી ઝઘડો કરતા અને તેને ત્રાસ આપતા હતા અને તેમનો જમાઈ તેની પાસે પૈસાની માંગણી કરતો હતો જે સહન ન થતા તેણે આપઘાત કરી લીધેલો* હોય તેવું બનેલ ન હોવાનું પણ સ્પષ્ટપણે જણાવેલ છે.

(૧૨.૪) વધુમાં સાહેદે તેમની ઉલટતપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે, ***તેમની દિકરીના લગ્ન આરોપી સાથે સમાજના રીતી રીવાજ મુજબ થયેલા અને ૮ વર્ષથી વધુ સમય સુધી તેમની દિકરી રાજીખુશીથી રહેતી હતી અને આ લગ્ન જીવનથી તેને બે બાળકો હતા.*** આમ, સાહેદ ઉપરોકત ઉલટતપાસ પરથી તેમની મરણજનાર દીકરી આરોપી નં. ૧ સાથે તેણીના લગ્ન થયા બાદ ૮ વર્ષથી વધુ સમય સુધી આરોપી નં. ૧ સાથે સારી રીતે રહેતી હોવાનું અને આ લગ્નજીવન થી તેણીને બાળકો પણ થયેલ હોવાનું સ્પષ્ટપણે સ્વીકારેલ છે તે જોતાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૧૧૩(એ) માં જણાવેલ ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતાં આ કામના આરોપી નં. ૧ કે તેમના સગા વ્હાલાઓ એટલે કે આરોપી નં. ૨ થી ૫ નાઓએ ભેગા મળી મરણ જનારને શારીરિક અને માનસિક ત્રાસ આપી મરણજનારને મરણ જવા માટેનું દુષ્પ્રેરણ કરેલ હોય તેવું અનુમાન આરોપીઓની વિરુધ્ધમાં કરી શકાય તેમ નથી.

વધુમાં સાહેદે તેમની ઉલટતપાસમાં એવી હકીકત પણ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, *આ લગ્ન જીવન દરમ્યાન આરોપીઓએ તેમની દિકરીને માનસિક કે શારીરિક ત્રાસ આપેલ હોય કે તેમની દિકરીના પતિને કોઈ સાથે આડા સંબંધ હોવાની હકિકતની તેમની દિકરીએ તેમને જાણ કરેલી કે તેની તેઓએ કોઈ ફરીયાદ કરેલ નથી. તેમની દિકરીને તેના પતિ અને સાસુ સસરા સારી રીતે રાખતા હતા અને કોઈ દુખ ત્રાસ આપતા ન હતા. તેમની દિકરી રોજ તેમને ફોન કરતી હતી. તેમની દિકરીએ આત્મહત્યા કરી તે પહેલા પણ ફોન કરી તેવી ફરીયાદ કરેલ ન હતી કે આરોપીઓ તેને દુખ ત્રાસ આપતા હતા. તેમની મરણ જનાર દિકરીના પતિને તેની ચાચી સાથે કોઈ આડા સંબંધ ન હતા અને તેમની દિકરીને કોઈ મનદુખ ન હતુ. તેમની દિકરીએ કયા કારણે ગળે ફાંસો ખાઈ આત્મ હત્યા કરેલ તેની તેમને ખબર નથી. તેમની દિકરી ગુજરી ગયેલ હોવાથી તેમણે આવેશમા આવીને ફરીયાદ આપેલી.*

આમ, સદર સાહેદે તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં તેમજ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં પણ આ કામના આરોપી નં. ૧ કે તેમના સગા વ્હાલાઓ એટલે કે આરોપી નં. ૨ થી ૫ નાઓએ ભેગા મળી મરણ જનારને શારીરિક અને માનસિક ત્રાસ આપી મરણજનારને મરણ જવા માટેનું દુષ્પ્રેરણ કરેલ હોય તેવું નીકળી આવતું નથી તે જોતાં સદર સાહેદ એટલે કે મરણજનારના માતાના પુરાવાથી બનાવ સંદર્ભેની હકીકતને લેશમાત્ર સમર્થન મળતુ ન હોય અને બનાવ બાબતે શંકા ઉપસ્થિત થયેલ હોય જેથી સાહેદના આવા શંકાસ્પદ પુરાવા ઉપર આધાર રાખી શકાય નહિ જેથી સદર સાહેદ એટલે કે મરણજનારના માતાનો પુરાવો ફરિયાદપક્ષના કેસની હકીકતોને મદદરૂપ બનતો નથી.

(૧૩) **<u>ડોકટરશ્રીના પુરાવા અંગેઃ</u>–**

(૧૩.૧) ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા ઉપરોકત સાહેદ **<u>ડો. પટેલ</u>**ના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, તેમના સમગ્ર પુરાવા મુજબ મરણજનારની લાશનું તેઓએ પી.એમ. કરેલ હોવાનું અને પી.એમ. નોટના રીપોર્ટ મુજબ ગળા ઉપર ફાંસો ખાવાને લીધે મરણજનારનું મૃત્યુ થયેલ હોવાનું જણાય આવે છે પરંતુ ડોકટરશ્રી પટેલે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મરણજનારના ગળા ઉપર ફાંસો ખાવાના લીધે લીગલેશરની ઈજા સિવાય બીજી કોઈ ઈજા જોવા મળેલ નહિં તેમજ મરણજનારના શરીર ઉપર મારઝુડની પણ કોઈ ઈજા જોવા મળેલ નથી તે હકીકતને ધ્યાને લેતા કહેવાતા બનાવ અગાઉ આરોપીઓએ મરણજનારને કોઈ મારઝુડ કરી શારીરિક ત્રાસ આપ્યાની વિગતો પણ ડોકટરશ્રીની જુબાનીમાંથી નીકળી આવતી નથી.

(૧૩.૨) વધુમાં મરણજનારની માતા અને પિતા ઉપરાંત પ્રોસી. દ્વારા આંક– ૨૦ થી તપાસેલ પ્રોસી. સાહેદ નં. ૩ થી તપાસેલ ડો.

દીક્ષીત શીરીષભાઈ પટેલની જુબાની વંચાણે લેતા પી.એમ. નોટ મુજબ મરણ જનારને ગળાના ભાગે ફાંસો ખાવાના લીધે લીગલેશરની ઈજા ઉપરાંત શરીર ઉપર બીજી કોઈ ઈજા જોવા મળેલ નહિં તે જોતાં પણ બનાવ પહેલા મરણજનારના શરીર ઉપર મારઝુડની કોઈપણ પ્રકારની ઈજાઓ જોવા મળેલ ન હોઈ બનાવ અગાઉ આરોપીએ મરણજનારને કોઈ મારઝુડ કરી શારીરિક ત્રાસ આપ્યાની હકીકતો મરણજનારનું પી.એમ. કરનાર ડોકટરની જુબાનીમાંથી નીકળી આવતી નથી જેથી મેડીકલ એવીડન્સથી પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

**(૧૪) પંચ સાહેદોના પુરાવાના મૂલ્યાંકન અંગેઃ–**

(૧૪.૧) ફરિયાદપક્ષે **સાહેદ નં. ૧ તરીકે આંક– ૧૨ થી પંચ સાહેદ મહંમદ તોસીફ મહંમદ યુસુફ શેખ** તથા **આંક– ૧૫ થી પંચ સાહેદ મહંમદ ઈકબાલ ગુલામરસુલ શેખ**ને સોગંદ ઉપર તપાસેલા છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, **પોલીસે તેઓની લખેલા કાગળમાં સહી કરાવેલી અને કાગળમાં શું લખેલુ હતુ તે તેઓએ વાંચેલુ નહિં**. તેમજ ***તેઓએ મરણજનારની લાશ જોયેલ હોય કે તેમની હાજરીમાં કોઈ ઈન્વેસ્ટ પંચનામું થયેલ હોય કે કે બનાવવાળી જગ્યા તેઓએ પોલીસને બતાવેલ હોય અને તેનું વિગતવાર વર્ણન તેમણે લખાવેલ હોય તેવું બનેલ નથી***. તેમણે આંક–૧૩ અને આંક–૧૪ થી રજૂ પંચનામાઓમાં માત્ર તેઓની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદે પંચનામાંની હકીકતને સમર્થન કરેલુ નહિ હોવાથી વિ. એપીપીશ્રી દ્વારા તેમને ફરી ગયેલ સાહેદો તરીકે જાહેર કરેલા છે અને ત્યારબાદ તેઓનું ધ્યાન પંચનામાંની હકીકતો તરફ દોરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાંની હકીકતને સમર્થન મળી શકે તેવો કોઈ પુરાવો રજૂ થયેલો નથી.

આમ, સદર **પ્રોસી. સાહેદ નં. ૧ થી તપાસેલ પંચ સાહેદ મહંમદ તોસીફ મહંમદ યુસુફ શેખ તથા પ્રોસી. સાહેદ નં. ૨ થી તપાસેલ પંચ**

<u>**સાહેદ મહંમદ ઈકબાલ ગુલામરસુલ શેખના પુરાવા**</u>થી પુરાવાથી ફરિયાદપક્ષ આંક–૧૩ થી રજૂ ગુનાવાળી જગ્યાના તતા આંક– ૧૪ થી રજૂ મરણોતર/ ઈન્કવેસ્ટ પંચનામાંની હકીકતો નિઃશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલા છે. જેથી સદર પંચ સાહેદનો પુરાવો ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બનતો નથી.

(૧૪.૨) ફરિયાદપક્ષે <u>**સાહેદ નં. ૪ તરીકે આંક– ૨૪ થી પંચ સાહેદ ઈકબાલ ઈબ્રાહીમભાઈ દિવાન**</u>ને સોગંદ ઉપર તપાસેલા છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, <u>**પોલીસે તેઓની લખેલા કાગળમાં સહી કરાવેલી અને કાગળમાં શું લખેલુ હતુ તે તેઓએ વાંચેલુ નહિં**</u>. તેમજ <u>***પોલીસે તેઓની હાજરીમાં આરોપી નં. ૧ થી ૩ નાઓએ અટક કરેલા હોય એવું બનેલ નથી***</u>. તેમણે આંક–૨૫ થી રજૂ પંચનામામાં માત્ર તેઓની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદે પંચનામાંની હકીકતને સમર્થન કરેલુ નહિ હોવાથી વિ. એપીપીશ્રી દ્વારા તેમને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરેલા છે અને ત્યારબાદ તેઓનું ધ્યાન પંચનામાંની હકીકતો તરફ દોરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાંની હકીકતને સમર્થન મળી શકે તેવો કોઈ પુરાવો રજૂ થયેલો નથી.

આમ, સદર <u>**પ્રોસી. સાહેદ નં. ૪ તરીકે આંક– ૨૪ થી પંચ સાહેદ ઈકબાલ ઈબ્રાહીમભાઈ દિવાન**</u>ના પુરાવાથી ફરિયાદપક્ષ આંક–૨૫ થી રજૂ આરોપી નં. ૧ થી ૩ ના અટક કર્યાના પંચનામાંની હકીકતો નિઃશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલા છે. જેથી સદર પંચ સાહેદોનો પુરાવો ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બનતો નથી.

## (૧૫) <u>તપાસ અધિકારીના પુરાવાના મૂલ્યાંકન અંગેઃ–</u>

(૧૫.૧) ફરિયાદપક્ષે પ્રોસી. સાહેદ નં. ૮ તરીકે આંક– ૩૪ થી પોલીસ સાહેદ તપાસ કરનાર અધિકારી નવનીતકુમાર દિનેશભાઈ પટેલને

સોગંદ ઉપર તપાસેલા છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૧ મા તેઓ સીટી પો.સ્ટે. મા પોસઇ તરીકે બજાવતા હતા. તે દરમ્યાન દર્દી શના ફાતેમા નાઓએ ગળે ફાંસો ખાધેલો હોય તે અંગેની દવાખાના વર્ધી પીએસઓને મળતા પીએસઓએ તેની નોંધ કરેલી તે દરમ્યાન ફરીયાદી મહંમદ આરીફ અબ્દુલગનીશા નાઓ પો.સ્ટે.હાજર થઈ ઇ.ચા.પો.ઈ.કે.એન.લાઠીયાનાઓ સમક્ષ હાજર થઇ તેઓની ફરીયાદ હકિકત જાહેર કરતા તેઓ તેમની ફરીયાદ લખી લઈ ગુનો રજીસ્ટર કરવા પીએસઓને હુકમ કરેલો અને પીએસઓ દ્બારા આગળની તપાસ તેમને સોપતા તેમણે તપાસ સંભાળી લીધેલી. પ્રથમ ફરીયાદ દાખલ થતા પહેલા દવાખાના વર્ધીના આધારે અકસ્માત મોત નોંધવામાં આવેલી અને આ કામે એએસઆઈ દ્બારા ગુનાવાળી જગ્યાની વીજીટ કરી તેનુ પંચનામું કરવામા આવેલ તેમજ તેઓ દ્બારા મરણ જનારની લાશનુ ઈન્કવેસ્ટ કરવા જરુરી યાદી કરી ઈન્કવેસ્ટ પંચનામુ કરવામા આવેલ જે તમામા કાગળો મેળવી કામમા સામેલ રાખેલા. ત્યારબાદ તપાસના કામે તેમણે સાહેદ હુસ્નાબીબી મહંમદ આરીફ શા।, સાહેદ સાહીદ શા। અબ્દુલગની શા।, મહંમદ હનીફ શા। વિગેરે લાગતા વળગતા સાહેદોના નિવેદન નોધેલા તેમજ આરોપીઓને અટક કરી તેમની શરીરસ્થિતિ તથા તેઓની અંગજડતીમાથી મળેલ મોબાઈલ પંચનામનાની વિગતે કબજે કરેલા તેમજ તપાસના કામે મરણ જનારની પીએમ નોટ આવતા કામમા સામેલ રાખેલી. ત્યારબાદ સમગ્ર કેસ કાગળો વંચાણે લેતા આરોપીઓ વિરુધ્ધ પુરતાપુરાવા જણાઈ આવતા ચાર્જશીટ કરેલુ. અટક કરેલ આરોપીઓને ઓળખે છે. ત.ક.અ. નાઓએ તેમની જુબાની દરમ્યાન આંક–૩૫ થી આંક–૩૯ સુધીના વિવિધ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

(૧૫.૨) સદર પોલીસ સાહેદ તપાસ અધિકારીએ તેઓની આરોપી પક્ષે કરાયેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, ***મરણજનારના ઈન્કવેસ્ટ પંચનામામા મરણજનારના ગળા ઉપર લીગ્રેચર માર્ક સિવાય બીજી કોઈ ઈજા જોવા મળેલ નહી. મરણજનારના લગ્ન ૨૦૧૩મા***

***<u>આરોપી નં.૧ મહંમદજુબેર સાથે થયેલા ત્યારથી ભોગ બનનાર તા.૨/૯/૨૧ના રોજ મરણ ગયેલ તે દરમ્યાન આરોપીએ મરણજનારને ત્રાસ આપ્યા બાબતે અગાઉ કોઈ ફરીયાદ કરાયેલ ન હતી. મરણજનારે આત્મ હત્યા કરી તે પહેલા આરોપીઓએ તેની સાથે ઝઘડો કર્યાની કોઈ વિગત તપાસમા મળી આવેલ નહી. જે જગ્યાએ મરણજનારે આત્મ હત્યા કરેલ તેની આજુબાજુ ઘણા રહેણાકના મકાનો આવેલા છે. મરણજનારના આજુબાજુના રહેતા કોઈ સાહેદોના નિવેદનો લીધેલ નથી. આરોપીઓએ મરણજનાર સાથે મરણ પહેલા કોઈ ઝઘડો કરેલાના કોઈ નજરે જોનાર સાહેદ મળી આવેલ નહી. આરોપી નં.૧ ને આરોપી નં.૪ સાથે કોઈ આડા સંબંધ હોવાના પુરાવા મળેલા નહી</u>.***

(૧૫.૩) આમ, ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા પોલીસ સાહેદ ત.ક.અ. શ્રી પટેલના ઉપરોકત પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ તેમની સરતપાસમાં સદર ગુન્હાના કામે તેઓએ કરેલ કામગીરી પુરતો સીમિત પુરાવો રજૂ કરેલો છે.

(૧૫.૪) વધુમાં ત.ક.અ. શ્રી પટેલના પુરાવાનું મૂલ્યાંકન કરતા એવી હકીકત ફલીત થાય છે કે, તેમની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓએ તેમની ઉલટતપાસમાં એવી હકીકત સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, *મરણજનારના ઈન્કવેસ્ટ પંચનામામા મરણજનારના ગળા ઉપર લીગ્રેચર માર્ક સિવાય બીજી કોઈ ઈજા જોવા મળેલ નહી. મરણજનારના લગ્ન ૨૦૧૩મા આરોપી નં.૧ મહંમદજુબેર સાથે થયેલા ત્યારથી ભોગ બનનાર તા.૨/૯/૨૧ના રોજ મરણ ગયેલ તે દરમ્યાન આરોપીએ મરણજનારને ત્રાસ આપ્યા બાબતે અગાઉ કોઈ ફરીયાદ કરાયેલ ન હતી. મરણજનારે આત્મ હત્યા કરી તે પહેલા આરોપીઓએ તેની સાથે ઝઘડો કર્યાની કોઈ વિગત તપાસમા મળી આવેલ નહી. જે જગ્યાએ મરણજનારે આત્મ હત્યા કરેલ તેની આજુબાજુ ઘણા રહેણાકના મકાનો આવેલા છે. મરણજનારના આજુબાજુના રહેતા કોઈ સાહેદોના નિવેદનો*

*લીધેલ નથી. આરોપીઓએ મરણજનાર સાથે મરણ પહેલા કોઈ ઝઘડો કરેલાના કોઈ નજરે જોનાર સાહેદ મળી આવેલ નહી. આરોપી નં.૧ ને આરોપી નં.૪ સાથે કોઈ આડા સંબંધ હોવાના પુરાવા મળેલા નહી.*

આમ, ત.ક.અ.શ્રી પટેલની ઉપરોકત ઉલટતપાસ મુજબ પણ મરણજનારના આરોપી નં. ૧ સાથે સને– ૨૦૧૩ માં લગ્ન થયા ત્યારથી તેણી તા. ૦૨–૦૯–૨૦૨૧ ના રોજ મરણ ગયેલ ત્યાં સુધી આરોપીએ મરણજનારને કોઈ ત્રાસ આપેલ હોવા બાબતે કોઈ ફરિયાદ કરાયેલ ન હતી કે મરણજનાર સાથે આરોપીઓએ કહેવાતા બનાવ પહેલા કોઈ ઝઘડો કરેલ હોવાની હકીકત પણ તેમની તપાસમાં નીકળી આવેલ નહિં તેમજ તપાસ દરમ્યાન તેઓએ મરણજનારની આત્મહત્યા બાબતે મરણજનારની આજુબાજુમાં રહેતા ઈસમોના કોઈ નિવેદનો લીધેલ નહિં હોવાનું કે આરોપીઓએ કહેવાતા બનાવ પહેલા મરણ જનાર સાથે કોઈ ઝઘડો કરેલ હોય તેવા કોઈ નજરે જોનાર સાહેદો પણ તેમની તપાસ દરમ્યાન મળી આવેલ નહિં હોવાનું તેમજ તેમની તપાસના કામે આરોપી નં. ૧ ને આરોપી નં. ૪ નાઓ સાથે આડા સંબંધ હોવાની કોઈ હકીકત ખુલેલ નહિં હોવાનું સ્પષ્ટપણે સ્વીકારેલ છે. તે જોતાં પ્રસ્તુત કેસમાં તપાસ અધિકારીશ્રી પટેલ નાઓએ આ ગુનાની તપાસના કામે પુરાવો એકત્રીત કરવા માટેની કરવી પડતી અગત્યની કામગીરી કરેલ નથી.

(૧૫.૫) વધુમાં આ કામે પુરાવાની જે ઉપરોકત ચર્ચા કરવામાં આવી તે મુજબ ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા અગત્યના સાહેદ કહી શકાય તેવા ફરિયાદી અને ફરિયાદીના પત્ની એટલે કે મરણજનારના માતા–પિતાનો પુરાવો બનાવ સંદર્ભેની હકીકત પરત્વે ભરોસાપાત્ર જણાયેલ નથી અને શંકા ઉપસ્થિત થયેલ છે. તેમજ મેડીકલ એવીડન્સથી પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થયેલ નથી ત્યારે આવા પાયાના પુરાવાના અભાવે માત્ર અને માત્ર પોલીસ સાહેદ તપાસ અધિકારીના પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન

ઠરાવવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયોચિત જણાય આવતું નથી. આમ, સદર પોલીસ સાહેદ ત.ક.અ. શ્રી પટેલના પુરાવાથી પણ આરોપી સામે ફરિયાદમાં આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વોને આકર્ષી શકે તેવો કોઈ નિઃશંક પુરાવો રજૂ કરવામાં ફરિયાદપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે જેથી સદર પોલીસ સાહેદ ત.ક.અ. મેવાડાનો પુરાવો ફરિયાદપક્ષના કેસની હકીકતોને મદદરૂપ બનતો નથી.

(૧૬) **ફરિયાદપક્ષે રજૂ થયેલ સમગ્ર પુરાવાનું સંક્ષીપ્તમાં મુલ્યાંકન :-**

(૧૬.૧) આમ, સમગ્ર પુરાવાનું મૂલ્યાકન કરતાં એ હકીકત ફલીત થાય છે કે, ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા **ફરિયાદી** મહંમદ આરીફ અબ્દુલગની શાહ એટલે કે (મરણજનારના પિતા)ના ઉપરોકત પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓએ તેમની સરતપાસમાં એવી હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે કે, ***તેમની મરણ જનાર દિકરીને તેના પતિને બીજી સ્ત્રી સાથે આડા સંબંધ હોવાથી તેને મારજુડ કરતો હતો અને તેની સાથે મારજુડ કરતો હતો અને આ વાત તેમને તેમની દિકરીએ ફોન દ્વારા જણાવેલી તેવું બનેલ નથી. તેમજ લગ્નના ૩ વર્ષ પછી તેમના જમાઈ જુબેર તેના પિતા મહંમદ ઈલ્યાસ અને સાસુ કુલસુમબીબી તેમની દિકરીને નાની નાની વાતોમા બોલાચાલી કરી ઝઘડો કરતા અને તેને ત્રાસ આપતા હતા અને તેમનો જમાઈ તેની પાસે પૈસાની માંગણી કરતો હતો જે સહન ન થતા તેણે આપઘાત કરી લીધેલો*** **હોય તેવું બનેલ ન હોવાનું પણ સ્પષ્ટપણે જણાવેલ છે.** વધુમાં ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે, ***તેમની દિકરીના લગ્ન આરોપી સાથે સમાજના રીતી રીવાજ મુજબ થયેલા અને ૮ વર્ષથી વધુ સમય સુધી તેમની દિકરી રાજીખુશીથી રહેતી હતી અને આ લગ્ન જીવનથી તેને બે બાળકો હતા.*** આમ, ફરિયાદીની ઉપરોકત ઉલટતપાસ પરથી તેમની મરણજનાર દીકરી આરોપી નં. ૧ સાથે

તેણીના લગ્ન થયા બાદ ૮ વર્ષથી વધુ સમય સુધી આરોપી નં. ૧ સાથે સારી રીતે રહેતી હોવાનું અને આ લગ્નજીવન થી તેણીને બાળકો પણ થયેલ હોવાનું સ્પષ્ટપણે સ્વીકારેલ છે તે જોતાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૧૧૩(એ) માં જણાવેલ ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતાં આ કામના આરોપી નં. ૧ કે તેમના સગા વ્હાલાઓ એટલે કે આરોપી નં. ૨ થી ૫ નાઓએ ભેગા મળી મરણ જનારને શારીરિક અને માનસિક ત્રાસ આપી મરણજનારને મરણ જવા માટેનું દુષ્પ્રેરણ કરેલ હોય તેવું અનુમાન આરોપીઓની વિરુધ્ધમાં કરી શકાય તેમ નથી. વધુમાં ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં એવી હકીકત પણ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, *આ લગ્ન જીવન દરમ્યાન આરોપીઓએ તેમની દિકરીને માનસિક કે શારીરિક ત્રાસ આપેલ હોય કે તેમની દિકરીના પતિને કોઈ સાથે આડા સંબંધ હોવાની હકિકતની તેમની દિકરીએ તેમને જાણ કરેલી કે તેની તેઓએ કોઈ ફરીયાદ કરેલ નથી. તેમની દિકરીને તેના પતિ અને સાસુ સસરા સારી રીતે રાખતા હતા અને કોઈ દુખ ત્રાસ આપતા ન હતા. તેમની દિકરી રોજ તેમને ફોન કરતી હતી. તેમની દિકરીએ આત્મહત્યા કરી તે પહેલા પણ ફોન કરી તેવી ફરીયાદ કરેલ ન હતી કે આરોપીઓ તેને દુખ ત્રાસ આપતા હતા. તેમની મરણ જનાર દિકરીના પતિને તેની ચાચી સાથે કોઈ આડા સંબંધ ન હતા અને તેમની દિકરીને કોઈ મનદુખ ન હતુ. તેમની દિકરીએ કયા કારણે ગળે ફાંસો ખાઈ આત્મ હત્યા કરેલ તેની તેમને ખબર નથી. તેમની દિકરી ગુજરી ગયેલ હોવાથી તેમણે આવેશમા આવીને ફરીયાદ આપેલી.* આમ, ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં તેમજ ફરિયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં પણ આ કામના આરોપી નં. ૧ કે તેમના સગા વ્હાલાઓ એટલે કે આરોપી નં. ૨ થી ૫ નાઓએ ભેગા મળી મરણ જનારને શારીરિક અને માનસિક ત્રાસ આપી મરણજનારને મરણ જવા માટેનું દુષ્પ્રેરણ કરેલ હોય તેવું નીકળી આવતું નથી તે જોતાં ફરિયાદીના સોગંદ પરના પુરાવાથી આંક–૩૨ થી રજૂ થયેલ ફરિયાદમાં ફરિયાદીએ બનાવ

સંદર્ભેની જે હકીકત જણાવેલ છે તેને લેશમાત્ર સમર્થન મળતુ ન હોય અને બનાવ બાબતે શંકા ઉપસ્થિત થયેલ હોય જેથી ફરિયાદીના આવા શંકાસ્પદ પુરાવા ઉપર આધાર રાખી શકાય નહિ જેથી ફરિયાદીનો પુરાવો ફરિયાદપક્ષના કેસની હકીકતોને મદદરૂપ બનતો નથી.

(૧૬.૨) વધુમાં આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા **સાહેદ એટલે કે મરણજનારના માતા ઉસાનાબીબી મહંમદ આરીફ અબ્દુલગની શાહ** એટલે કે (મરણજનારના માતા)ના ઉપરોકત પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓએ તેમની સરતપાસમાં એવી હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે કે, ***તેમની મરણ જનાર દિકરીને તેના પતિને બીજી સ્ત્રી સાથે આડા સંબંધ હોવાથી તેને મારજુડ કરતો હતો અને તેની સાથે મારજુડ કરતો હતો અને આ વાત તેમને તેમની દિકરીએ ફોન દ્વારા જણાવેલી તેવું બનેલ નથી. તેમજ લગ્નના ૩ વર્ષ પછી તેમના જમાઈ જુબેર તેના પિતા મહંમદ ઇલ્યાસ અને સાસુ કુલસુમબીબી તેમની દિકરીને નાની નાની વાતોમા બોલાચાલી કરી ઝઘડો કરતા અને તેને ત્રાસ આપતા હતા અને તેમનો જમાઈ તેની પાસે પૈસાની માંગણી કરતો હતો જે સહન ન થતા તેણે આપઘાત કરી લીધેલો*** **હોય તેવું બનેલ ન હોવાનું પણ સ્પષ્ટપણે જણાવેલ છે.** વધુમાં સાહેદે તેમની ઉલટતપાસમાં એવી હકીકત સ્વીકારેલ છે કે, ***તેમની દિકરીના લગ્ન આરોપી સાથે સમાજના રીતી રીવાજ મુજબ થયેલા અને ૮ વર્ષથી વધુ સમય સુધી તેમની દિકરી રાજીખુશીથી રહેતી હતી અને આ લગ્ન જીવનથી તેને બે બાળકો હતા.*** આમ, સાહેદ ઉપરોકત ઉલટતપાસ પરથી તેમની મરણજનાર દીકરી આરોપી નં. ૧ સાથે તેણીના લગ્ન થયા બાદ ૮ વર્ષથી વધુ સમય સુધી આરોપી નં. ૧ સાથે સારી રીતે રહેતી હોવાનું અને આ લગ્નજીવન થી તેણીને બાળકો પણ થયેલ હોવાનું સ્પષ્ટપણે સ્વીકારેલ છે તે જોતાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ– ૧૧૩(એ) માં જણાવેલ ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતાં આ કામના આરોપી નં. ૧ કે તેમના સગા વ્હાલાઓ એટલે કે આરોપી નં. ૨

થી ૫ નાઓએ ભેગા મળી મરણ જનારને શારીરિક અને માનસિક ત્રાસ આપી મરણજનારને મરણ જવા માટેનું દુષ્પ્રેરણ કરેલ હોય તેવું અનુમાન આરોપીઓની વિરુધ્ધમાં કરી શકાય તેમ નથી.વધુમાં સાહેદે તેમની ઉલટતપાસમાં એવી હકીકત પણ સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, *આ લગ્ન જીવન દરમ્યાન આરોપીઓએ તેમની દિકરીને માનસિક કે શારીરિક ત્રાસ આપેલ હોય કે તેમની દિકરીના પતિને કોઈ સાથે આડા સંબંધ હોવાની હકિકતની તેમની દિકરીએ તેમને જાણ કરેલી કે તેની તેઓએ કોઈ ફરીયાદ કરેલ નથી. તેમની દિકરીને તેના પતિ અને સાસુ સસરા સારી રીતે રાખતા હતા અને કોઈ દુખ ત્રાસ આપતા ન હતા. તેમની દિકરી રોજ તેમને ફોન કરતી હતી. તેમની દિકરીએ આત્મહત્યા કરી તે પહેલા પણ ફોન કરી તેવી ફરીયાદ કરેલ ન હતી કે આરોપીઓ તેને દુખ ત્રાસ આપતા હતા. તેમની મરણ જનાર દિકરીના પતિને તેની ચાચી સાથે કોઈ આડા સંબંધ ન હતા અને તેમની દિકરીને કોઈ મનદુખ ન હતુ. તેમની દિકરીએ કયા કારણે ગળે ફાંસો ખાઈ આત્મ હત્યા કરેલ તેની તેમને ખબર નથી. તેમની દિકરી ગુજરી ગયેલ હોવાથી તેમણે આવેશમા આવીને ફરીયાદ આપેલી.* આમ, સદર સાહેદે તેમની ઉલટતપાસમાં સ્વીકારેલ ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં તેમજ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં પણ આ કામના આરોપી નં. ૧ કે તેમના સગા વ્હાલાઓ એટલે કે આરોપી નં. ૨ થી ૫ નાઓએ ભેગા મળી મરણ જનારને શારીરિક અને માનસિક ત્રાસ આપી મરણજનારને મરણ જવા માટેનું દુષ્પ્રેરણ કરેલ હોય તેવું નીકળી આવતું નથી તે જોતાં સદર સાહેદ એટલે કે મરણજનારના માતાના પુરાવાથી બનાવ સંદર્ભેની હકીકતને લેશમાત્ર સમર્થન મળતુ ન હોય અને બનાવ બાબતે શંકા ઉપસ્થિત થયેલ હોય જેથી સાહેદના આવા શંકાસ્પદ પુરાવા ઉપર આધાર રાખી શકાય નહિ જેથી સદર સાહેદ એટલે કે મરણજનારના માતાનો પુરાવો ફરિયાદપક્ષના કેસની હકીકતોને મદદરૂપ બનતો નથી.

(૧૬.૩) વધુમાં આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા **સાહેદ <u>ડો. પટેલ</u>**ના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, તેમના સમગ્ર પુરાવા મુજબ મરણજનારની લાશનું તેઓએ પી.એમ. કરેલ હોવાનું અને પી.એમ. નોટના રીપોર્ટ મુજબ ગળા ઉપર ફાંસો ખાવાને લીધે મરણજનારનું મૃત્યુ થયેલ હોવાનું જણાય આવે છે પરંતુ ડોકટરશ્રી પટેલે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મરણજનારના ગળા ઉપર ફાંસો ખાવાના લીધે લીગલેશરની ઈજા સિવાય બીજી કોઈ ઈજા જોવા મળેલ નહિં તેમજ મરણજનારના શરીર ઉપર મારઝુડની પણ કોઈ ઈજા જોવા મળેલ નથી તે હકીકતને ધ્યાને લેતા કહેવાતા બનાવ અગાઉ આરોપીઓએ મરણજનારને કોઈ મારઝુડ કરી શારીરિક ત્રાસ આપ્યાની વિગતો પણ ડોકટરશ્રીની જુબાનીમાંથી નીકળી આવતી નથી. વધુમાં મરણજનારની માતા અને પિતા ઉપરાંત પ્રોસી. દ્વારા આંક- ૨૦ થી તપાસેલ પ્રોસી. સાહેદ નં. ૩ થી તપાસેલ ડો. દીક્ષીત શીરીષભાઈ પટેલની જુબાની વંચાણે લેતા પી.એમ. નોટ મુજબ મરણ જનારને ગળાના ભાગે ફાંસો ખાવાના લીધે લીગલેશરની ઈજા ઉપરાંત શરીર ઉપર બીજી કોઈ ઈજા જોવા મળેલ નહિં તે જોતાં પણ બનાવ પહેલા મરણજનારના શરીર ઉપર મારઝુડની કોઈપણ પ્રકારની ઈજાઓ જોવા મળેલ ન હોઈ બનાવ અગાઉ આરોપીએ મરણજનારને કોઈ મારઝુડ કરી શારીરિક ત્રાસ આપ્યાની હકીકતો મરણજનારનું પી.એમ. કરનાર ડોકટરની જુબાનીમાંથી નીકળી આવતી નથી જેથી મેડીકલ એવીડન્સથી પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતુ નથી.

(૧૬.૪) વધુમાં આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા **<u>પ્રોસી. સાહેદ નં. ૧ થી તપાસેલ પંચ સાહેદ મહંમદ તોસીફ મહંમદ યુસુફ શેખ તથા પ્રોસી. સાહેદ નં. ૨ થી તપાસેલ પંચ સાહેદ મહંમદ ઈકબાલ ગુલામરસુલ શેખના પુરાવા</u>**થી પુરાવાથી ફરિયાદપક્ષ આંક- ૧૩ થી રજૂ ગુનાવાળી જગ્યાના તતા આંક- ૧૪ થી રજૂ મરણોતર/ ઈન્કવેસ્ટ પંચનામાંની હકીકતો નિઃશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ

ગયેલા છે. જેથી સદર પંચ સાહેદનો પુરાવો ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બનતો નથી.

(૧૬.૫) વધુમાં આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા **<u>પ્રોસી. સાહેદ નં. ૪ તરીકે આંક– ૨૪ થી પંચ સાહેદ ઈકબાલ ઈબ્રાહીમભાઈ દિવાન</u>**ના પુરાવાથી ફરિયાદપક્ષ આંક–૨૫ થી રજૂ આરોપી નં. ૧ થી ૩ ના અટક કર્યાના પંચનામાંની હકીકતો નિઃશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલા છે. જેથી સદર પંચ સાહેદોનો પુરાવો ફરિયાદપક્ષના કેસને મદદરૂપ બનતો નથી.

(૧૬.૬) વધુમાં આ કામે ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા **<u>પોલીસ સાહેદ ત.ક.અ. શ્રી પટેલ</u>**ના ઉપરોકત પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, તેઓએ તેમની સરતપાસમાં સદર ગુન્હાના કામે તેઓએ કરેલ કામગીરી પુરતો સીમિત પુરાવો રજૂ કરેલો છે. વધુમાં ત.ક.અ. શ્રી પટેલના પુરાવાનું મૂલ્યાંકન કરતા એવી હકીકત ફલીત થાય છે કે, તેમની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓએ તેમની ઉલટતપાસમાં એવી હકીકત સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, *મરણજનારના ઈન્કવેસ્ટ પંચનામામા મરણજનારના ગળા ઉપર લીગ્નેચર માર્ક સિવાય બીજી કોઈ ઈજા જોવા મળેલ નહી. મરણજનારના લગ્ન ૨૦૧૩મા આરોપી નં.૧ મહંમદજુબેર સાથે થયેલા ત્યારથી ભોગ બનનાર તા.૨/૯/૨૧ના રોજ મરણ ગયેલ તે દરમ્યાન આરોપીએ મરણજનારને ત્રાસ આપ્યા બાબતે અગાઉ કોઈ ફરીયાદ કરાયેલ ન હતી. મરણજનારે આત્મ હત્યા કરી તે પહેલા આરોપીઓએ તેની સાથે ઝઘડો કર્યાની કોઈ વિગત તપાસમા મળી આવેલ નહી. જે જગ્યાએ મરણજનારે આત્મ હત્યા કરેલ તેની આજુબાજુ ઘણા રહેણાકના મકાનો આવેલા છે. મરણજનારના આજુબાજુના રહેતા કોઈ સાહેદોના નિવેદનો લીધેલ નથી. આરોપીઓએ મરણજનાર સાથે મરણ પહેલા કોઈ ઝઘડો કરેલાના કોઈ નજરે જોનાર સાહેદ મળી આવેલ નહી. આરોપી નં.૧ ને*

*આરોપી નં.૪ સાથે કોઈ આડા સંબંધ હોવાના પુરાવા મળેલા નહી.* આમ, ત.ક.અ.શ્રી પટેલની ઉપરોકત ઉલટતપાસ મુજબ પણ મરણજનારના આરોપી નં. ૧ સાથે સને– ૨૦૧૩ માં લગ્ન થયા ત્યારથી તેણી તા. ૦૨–૦૯–૨૦૨૧ ના રોજ મરણ ગયેલ ત્યાં સુધી આરોપીએ મરણજનારને કોઈ ત્રાસ આપેલ હોવા બાબતે કોઈ ફરિયાદ કરાયેલ ન હતી કે મરણજનાર સાથે આરોપીઓએ કહેવાતા બનાવ પહેલા કોઈ ઝઘડો કરેલ હોવાની હકીકત પણ તેમની તપાસમાં નીકળી આવેલ નહિં તેમજ તપાસ દરમ્યાન તેઓએ મરણજનારની આત્મહત્યા બાબતે મરણજનારની આજુબાજુમાં રહેતા ઈસમોના કોઈ નિવેદનો લીધેલ નહિં હોવાનું કે આરોપીઓએ કહેવાતા બનાવ પહેલા મરણ જનાર સાથે કોઈ ઝઘડો કરેલ હોય તેવા કોઈ નજરે જોનાર સાહેદો પણ તેમની તપાસ દરમ્યાન મળી આવેલ નહિં હોવાનું તેમજ તેમની તપાસના કામે આરોપી નં. ૧ ને આરોપી નં. ૪ નાઓ સાથે આડા સંબંધ હોવાની કોઈ હકીકત ખુલેલ નહિં હોવાનું સ્પષ્ટપણે સ્વીકારેલ છે. તે જોતાં પ્રસ્તુત કેસમાં તપાસ અધિકારીશ્રી પટેલ નાઓએ આ ગુનાની તપાસના કામે પુરાવો એકત્રીત કરવા માટેની કરવી પડતી અગત્યની કામગીરી કરેલ નથી. વધુમાં આ કામે પુરાવાની જે ઉપરોકત ચર્ચા કરવામાં આવી તે મુજબ ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા અગત્યના સાહેદ કહી શકાય તેવા ફરિયાદી અને ફરિયાદીના પત્ની એટલે કે મરણજનારના માતા–પિતાનો પુરાવો બનાવ સંદર્ભેની હકીકત પરત્વે ભરોસાપાત્ર જણાયેલ નથી અને શંકા ઉપસ્થિત થયેલ છે. તેમજ મેડીકલ એવીડન્સથી પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થયેલ નથી ત્યારે આવા પાયાના પુરાવાના અભાવે માત્ર અને માત્ર પોલીસ સાહેદ તપાસ અધિકારીના પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયોચિત જણાય આવતું નથી. આમ, સદર પોલીસ સાહેદ ત.ક.અ. શ્રી પટેલના પુરાવાથી પણ આરોપી સામે ફરિયાદમાં આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વોને

આકર્ષી શકે તેવો કોઈ નિઃશંક પુરાવો રજૂ કરવામાં ફરિયાદપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે જેથી સદર પોલીસ સાહેદ ત.ક.અ. મેવાડાનો પુરાવો ફરિયાદપક્ષના કેસની હકીકતોને મદદરૂપ બનતો નથી.

(૧૭) આમ, ફરિયાદપક્ષે રજૂ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવાનું કરવામાં આવેલ મૂલ્યાંકનનું સંક્ષીપ્તમાં વિશ્લેષણ કરવામાં આવે તો, આરોપી નં.૧, ૨ અને ૩ નાઓએ મરણ જનાર શનાફાતેમાનાં લગ્નના બે ત્રણ વર્ષ બાદ તેણીને નાની નાની વાતોમાં બોલાચાલી ઝઘડો કરી શારીરિક માનસિક ત્રાસ આપી તથા આરોપી નં.૧ નાએ મરણ જનાર પાસે અવારનવાર પૈસાની માંગણી કરી અને પૈસા નહીં લાવે તો ઘરમાંથી કાઢી મુકવાની ધમકી આપેલ તેમજ આરોપી નં.૧ ને આરોપી નં.૪ રઝીયાબાનુ ઈરફાન દિવાન સાથે આડા સબંધ હોવાના કારણે આરોપી નં.૪-૫ પણ આરોપી નં.૧ ને ઉશ્કેરણી કરી મરણ જનાર શનાફાતેમાને માર મરાવતા હતાં અને બનાવના આશરે ત્રણેક માસ પહેલા પણ ફરીયાદીની મરણ જનાર પુત્રી શનાફાતેમાને ઘરમાંથી કાઢી મુકવા માટે આરોપી નં.૪,૫ નાઓએ માર મારેલ અને મરણ જનારને મરી જવા માટે મજબુર કરી એકબીજાની મદદગારીમાં મરણ જનારને મરણ જવા માટે દુષ્પ્રેરણ પુરૂ પાડતા ફરીયાદીની પુત્રી શનાફાતેમાએ તા.૦૨/૦૯/૨૦૨૧ ના કલાક ૧૧:૦૦ વાગ્યે પોતાના ઘરે બીજા માળે દુપટ્ટા વડે ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ. આમ, તમામ આરોપીઓએ એકબીજાની મદદગારીમાં મરણ જનારને શારીરિક માનસિક ત્રાસ આપી, માર મારી તથા મરણ જનાને મરણ જવા માટે દુષ્પ્રેરણ કરી ફરિયાદમાં આક્ષેપીત ગુનો આચેરલ હોય તેવી કોઈ નિઃશંક હકીકત નીકળી આવતી નથી. આમ, ફરિયાદમાં આક્ષેપાયેલ ગુનાના આવશ્યક તત્વોને આકર્ષી શકે તેવો કોઈ નિઃશંક પુરાવો રજૂ કરવામાં ફરિયાદપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે અને ફરિયાદપક્ષે રજૂ થયેલ સમગ્ર પુરાવો ચોક્કસ, માનવાલાયક અને સચોટ હોવાનું

પ્રોસિકયુશન પુરવાર કરી શકતા ન હોય, જેથી આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવાનું ન્યાયોચિત જણાતુ હોય **મુદ્દા નંબરઃ—૨** નો નિર્ણય "**નકારમાં**" ઠરાવી **મુદ્દા નંબરઃ—૩** અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**—ઃ <u>હુકમ</u> ઃ—**

(૧) આ કામના આરોપી નં. **(૧) મહંમદજુબેન મહંમદ ઈલીયાસ દિવાન** તથા નં. **(૨) મહંમદઈલીયાસ ગુલામકાદર દિવાન** તથા નં. **(૩) કુલસુમબાનુ મહંમદ ઈલીયાસ દિવાન,** રહે. નં. ૧ થી ૩ નાઓ અજબડી મીલ, હજરત એપાર્ટમેન્ટ સામે, સુએઝ પંપીંગની ગલીમાં, વડોદરા તથા નં. **રઝીયાબાનુ મહંમદ ખાલીદ ઉર્ફે ઈરફાન દિવાન** તથા નં. **(૫) મહંમદખાલીદ ઉર્ફે ઈરફાન ગુલામકાદર દિવાન,**રહે. નં. ૪ અને ૫ નાઓ અજબડી મીલ, ત્રિકોણીયા સર્કલ પાસે, સુલેમાની કાંટા, યાકુતપુરા, વડોદરા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ—૨૩૫(૧) અન્વયે તેમની સામે આક્ષેપાયેલ **<u>ઈ.પી.કોડ કલમ—૪૯૮(ક), ૩૦૬, ૩૨૩ તથા ૧૧૪</u>** મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર ગુનાના કામે કબ્જે લેવામાં આવેલ બીનકીંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો તેમજ મુદ્દામાલ મોબાઈલ એક બ્લુ કલરનો સેમસંગ કંપનીનો ગેલેક્ષી જે૬ પ્લસ જેનો આઈ.એમ.ઈ.આઈ. નં. ૩૫૨૬૮૨૧૦૩૪૨૭૭૦૩ નો કાયમી કબ્જો ત.ક.અ. નાઓએ તેની માલીકીની ખરાઈ કરી તેના રજીસ્ટર્ડ ઓનરને સોંપવો તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) દરેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ— ૪૩૭(એ) ની જોગવાઈ અનુસાર હુકમની તારીખથી ૬(છ) માસની સમયમર્યાદા

માટે રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર) પુરાવા જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકાં રજૂ કરવા.

હુકમ :– આજ તા. ૨૨મી, માહે. મે, સને. ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી,સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

તા. ૨૨/૦૫/૨૦૨૬
સ્થળ : વડોદરા.

**( ચિરાગ એમ. પવાર )**
**( જજ કોડ નં.જીજે૦૧૫૪૩ )**
**ચોથા અધિક સેશન્સ જજ, વડોદરા**

V J Unadkat